સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૪ માગશર, ડિસેમ્બર – ૨૦૧૭ અંક – ૧૨




પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં તેમજ સેવક સમુદાયની હાજરીમાં સુરત શહેરના આંગણે તાપી મૈયાની ગોદમાં આસો સુદ પૂનમ શરદ પૂર્ણિમા મહોત્સવ તા. ૫-૧૦-૨૦૧૭ ગુરૂવારના શુભ દિવસે ધામધૂમથી ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૯ / ડિસેમ્બર-૨૦૧૭/ અંક-૧૨

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ – કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | વેદાંતની દૃષ્ટિએ હનુમાન – પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદસાગરજી |
| ૯ | આંખલડી હરખી – કુકડીયા લાભુબેન ઓધવજીભાઈ |
| ૧૦ | નામ અને રૂપનો મોહ – શિવ |
| ૧૧ | દોષ ક્યાં રહે છે ? |
| ૧૨ | જીવન પરમાત્માની આપેલી બક્ષીસ છે. – લતા એ. માંગુકિયા |
| ૧૩ | શ્રી સદ્ગુરૂ સ્તુતિ |
| ૧૪ | શ્રી માધવાનંદ સદ્ગુરૂ આરતી |
| ૧૫ | સંતનો મહિમા – પરબતસિંહ બાપુ |
| ૧૬ | કિર્તન |
| ૧૭ | પ્રકૃતિની પાઠશાળા આપણને કોણ શું શીખવે છે? – ગોરધનભાઈ |
| ૧૮ | માણસાઈની પગદંડી – લવજીભાઈ કે. સવાણી |
| ૧૯ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૦ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર – સંકલિત |

॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

: માધવ પીઠાધીપતિ :
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

: મુદ્રણ સ્થાન :
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

: પ્રકાશક (Publisher) :
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

: સંપાદક (Editor) :
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

: મુદ્રક :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

એટલા માટે ખાસ કરીને કહે છે કે જે લોકો વિષયની વાસનામાં પડે છે એ તો વારંવાર મૃત્યુના પાશમાં ફસાય છે. **'અથ ધીરા અમૃતત્વં વિદિત્વા'** (કઠોપનિષદ્-૨-૧-૨) કે ધીર પુરુષ છે એ આ તત્ત્વ અમર તત્ત્વ છે એમ સમજીને કે પરમાત્મા અમર છે આત્મા અમર છે અને બીજું બધું મરવાવાળું છે. ભલે સ્વર્ગનું હોય કે કોઈ પણ લોકનું હોય બધું મરવાનું છે છે ને છે એટલે

'हडामूत्रार्थ फलभोग विरागः ।'(વિવેક ચુડામણી)

'तदिह कर्मक्षितो लोको पक्षियते,
पुण्यक्षितो लोकक्षियते ।।' (ઉપનિષદ)

જેમ કર્મથી ઉત્પન્ન થયેલા લોકોનો નાશ થાય છે. એમ પૂણ્યથી મળેલું હોય એનો પણ નાશ થાય છે. એટલે જેટલું કરેલું છે એ નાશવાળું છે. પરમાત્મા સિવાય કોઈ અમર નથી પરમાત્મા સિવાય કોઈ અખંડ નથી પરમાત્મા સિવાય કોઈ દિવ્ય નથી. એટલે મારે પરમાત્માનો જ લાભ લેવો છે. એમ સમજી અને સંસારના અધ્રુવ પદાર્થોની ઈચ્છા નો કરે. શું ન કરે ? બોલો ?

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं निसेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव तत् ।।

ધ્રુવ એટલે જ પોતાની પાસે હંમેશા છે છે ને છે એને છોડી અને જે નથી એને લેવા જાય તો છે એને પોતે છોડે છે અને નથી એ તો વયું જવાનું છે છે ને છે. બેય વચમાંથી ગયું એક દ્રષ્ટાંત સમજો.

**દ્રષ્ટાંત :** એક ટ્રેનમાં એક ભાઈ બેઠા હતા. અને એની સ્ત્રી હતી. તો બીજી સ્ત્રીમાં મોહ થયો તો પોતાની સ્ત્રીને ઉતારી દીધી. તું વય જા મારે તારી જરૂર નથી. એણે સમજ્યું કે બીજી સ્ત્રીમાં મોહ થયો તો એ મને મળશે. હવે, બીજી સ્ત્રીમાં ઘડીક મોહ કરવા ગયો પણ એ સ્ત્રી એની થઈ નહિ. તો સ્ટેશને ઊતર્યો ત્યારે પેલો ભાઈ એકલો રહ્યો. નો પેલી રહી કે ના... તો પોતાની હતી એ છોડી દીધી અને પારકી પોતાની થઈ નહી એટલે બંને તરફથી ભાઈ ખાલી રહ્યા એમ ધ્રુવ જે પરમાત્મા પોતાના છે. (એ) હંમેશા પોતાના હૃદયમાં છે. એને છોડીને આ માયામાં જાય તો...

**'માયા છે મહા ઠગણી રે ઠગ વિદ્યા કરશે,**
**જ્ઞાન ધ્યાન ધન ધીરજ રે હેલામાં હરશે.'**

(પ્રીતમદાસ)

કે **'માયા છે મહા ઠગણી'** 'ઠગણી' એટલે ઉપરથી દેખાડે સારું ને અંદરથી કરે... (ખરાબ) દેખાડે બીજું કંઈક ઉપરથી સરસ પણ અંદરથી પછી જીવને જન્મ, મૃત્યુ જરા વ્યાધિના દુઃખોમાં નાખે છે. માયાનું સુખ કેવું છે ? બોલો ? અંદર ઝેર હોય ને ઉપર દુધ હોય એવા ઘડા જેવું છે. કે સોનાનો ઘડો હોય અંદર ઝેર ભર્યુ હોય અને ઉપર દુધ ભર્યુ હોય તો જોવા વાળાને લાગે કે ઘડો બહુ રૂપાળો છે. પણ દુધની અંદર શું ભર્યુ છે ? ઘડાની અંદર ઝેર... એમ આ માયા છેને! ઉપરથી તો મધુમતી લાગે છે. બહું સુંદર સ્વાદવાળી લાગે છે એટલે જીવો ફસાય છે પણ એની અંદર ઝેર ભળેલું છે. જેમ ઝેર વાળા લાડુ સમજુ માણસો ભલે ગમે એટલા ગળ્યા હોય તોય ખાતા નથી. ગરોળી પડી ગયેલી હોય એવો

દુધપાક ગમે એટલો સારો હોય તોય સમજુ લોકો ખાતા નથી. એમ જેને વિવેક જાગે જેને બુદ્ધિમાં દ્રઢ થાય એ પછી વિષયોમાં મનને ભટકાવતા નથી. એટલે અધ્રુવ પદાર્થોની કોઈ દિ' ઈચ્છા કરતા નથી. ધ્રુવમાં સદા ટક્યા રહે છે.

**મેરુ રે ડગે પણ જેના, મન રે ડગે નહિ ને,**
**ભાંગી પડે બ્રહ્માંડ રે,** (ગંગાસતી)

'हम्मब' કોઈ તપ્યા વગર સ્થિર બ્રહ્મમાં પરમાત્મામાં સ્થિર રહે આખી દુનિયા ભલે એક તરફ ચાલતી હોય પણ મારે તો સત્ય જ લેવું છે. ચેતન જ લેવું છે આનંદ લેવો છે. અખંડ પરમાત્મામાં જ રહેવું છે. એમ દ્રઢ ભાવના કરે એવા ધીર પુરુષો કહેવાય અને એ અમૃતના ભાગીદાર થાય છે. અમર થઈને મુક્ત થઈ જાય છે. જેટલા મહાપુરુષો અમર થયા એણે શું કર્યુ ? બોલો ? વિષયના ત્યાગમાં છોડીને (એટલે વિષયને ત્યાગીને) બ્રહ્મભાવમાં... (સ્થિર થયા) એ બધા મહાન અમર થઈ ગયા. વિષય વાસના વાળા લાખો (લોકો) શું થયા ? બોલો ? કે જન્મ્યા ને મર્યા, જન્મ્યા ને મર્યા જન્મ્યા ને... એટલે વિષયી જીવો વાર વાર જગતમાં ભટકતા રહ્યા છે એટલા માટે કહે છે કે વિષયનો મોહ છોડીને પરમાત્માનું ચિંતન કરો. પરમાત્મા ઓળખવા અભ્યાસ કરો.

**આ અવસરમાં પ્રભુને ઓળખો, જ્ઞાન પામવા**
**તત્પર થાજે જો, ચૂક્યો તો ચોરાશીમાં પડયો.**
(સ્વામી પ્રિતમજીદાસજી)

(જો) ચૂક્યા તો ચોરાશી લાખ જન્મમાં ભટકવું પડશે. તો તમે કહો કે અમે સાંભળવા તો આવ્યા છીએ. તો તમને સાંભળવા માટે જ કહે છે કે મન સાંભળવા છતાં બહાર ભટકયું જાય છે. એટલે એમાંથી વાળવા માટે વિષયમાંથી વિવેક વૈરાગ્ય કરાવ્યો ફરીન પરમાત્માનું જ્ઞાન આગળના શ્લોકમાં આપશે પણ અત્યારે આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણું મન વિષયોમાંથી પાછું વળીને પરમાત્મામાં સ્થિર બને. હવે, ધ્યાનથી યાદ રાખો વિષયો કહે એટલે એમ ન સમજવું કે બહાર બધા વિષય છે ને હૃદયની અંદર જ ભગવાન છે. જગતમાં જેટલી વસ્તુ છે એ બધાની અંદર વિષય પણ છે અને બ્રહ્મ પણ છે. ઝાડમાં, પહાડમાં, પુત્રમાં, પત્નીમાં, ધનમાં, મકાનમાં બધામાં બ્રહ્મ પણ છે ને બધામાં વિષય પણ છે. હૃદયમાં અંદર પણ વિષય વાસના ભરેલી છે. વિષય જેને લેવા હશે (એ) તો અંદરમાંથી પણ લેશે (અને) જેને ભગવાન લેવા હશે એ સર્વત્રથી... (પણ લેશે). એટલે પેલા જિજ્ઞાસુ થવું કે મારે પરમાત્મા જ લેવા છે. બહાર હોય કે અંદર હોય જયાં હોય ત્યાંથી ... પછી અંદર વિષયો મળે તોય મારે નથી લેવા બહાર મળે તોય નથી લેવા. મારે વિષયની જરૂર નથી એટલે વિષય વૃત્તિ છોડીને બ્રહ્મ વૃત્તિ કરવી.

**જયાં જયાં મન જાય મારું,**
**ત્યાં ત્યાં પ્રભુ રૂપ દેખું હું તારું**

જયાં જયાં મન જાય ત્યાં પરમાત્માનું સ્વરૂપ છે. **यत्र यत्र मनोयाति तत्र तत्र परात्पर । (        )** જયાં જયાં મન જાય ત્યાં પરમાત્મા અંદર ભરેલા છે. અસ્તિ, ભાતિ પ્રિય રૂપમાં, કયા રૂપમાં ? બોલો ? અસ્તિ રૂપમાં, ભાતિ રૂપમાં ને પ્રિય રૂપમાં એ સમજવાની શક્તિ લાવો તો તમને અંદર બહાર બધે બ્રહ્મના દર્શન થવા લાગે એટલા માટે અસ્તિ ભાતિ પ્રિય રૂપમાં બ્રહ્મ સર્વત્ર છે એ દ્રઢ અભ્યાસ કરવો.

**અસ્તિ ભાતિ પ્રિયરૂપ બ્રહ્મનું, મિથ્યા છે સંસાર,**
**નામ રૂપને ટાળી જોશો, તો જડશે તુજને સાર,**
**ઈશ અંતરમાંથી મળશે,અવિદ્યા મૂલ થકી બળશે,**
**ઉઘડશે અંતરની બારી, બ્રહ્મ સદ્‌રૂપ સુખાકારી.**
(શ્રી જયદેવજી)

તો પરમાત્મા અસ્તિ, ભાતિ પ્રિય રૂપમાં છે. નામ-રૂપમાં જગત છે. નામ-રૂપનો બાધ કરીને સર્વત્ર બ્રહ્મ દર્શન કરવા. નામ રૂપ ખોટા છે એમ સમજવું અસ્તિ ભાતિ પ્રિય સત્ય છે સદાય હંમેશા છે છે ને છે નામ-રૂપ તો- **'ઘાટ ઘડીયા પછી નામ-રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોએ'** (નરસિંહ મહેતા) એમ પરમાત્મા સત્યથી પેલાય હતા.

''सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्ब्रह्म ।''
(છાંદોગ્ય ઉપ.-૬-૨)

'नेह ना नास्ति किंचन ।'

''मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।''
(કઠોપનિષદ્-૨-૧-૧૦)

જગતમાં પેલા અખંડ એક બ્રહ્મ જ હતું અને જે ભેદ જોવે છે એ અજ્ઞાની જીવો વાર વાર મૃત્યુના

પાશમાં પડે છે. 'उदरमन्तरं कुरूते अथ तस्य भयं भवति ।' (તૈતિરિ-૨-૭) જે ભગવાનથી થોડા પણ જુદા થાય છે એને મરવાનો ભય ઊભો થાય છે. જેમ છોકરો બાપને છોડીને બહાર જાયને તો કંઈ ખોવાય જવાનો ભય ઊભો થાય એમ પરમાત્માથી થોડા પણ જુદા જો પડશો તો અનેક પ્રકારના ભય ઊભા થશે પણ ચોવિસો કલાક પ્રભુમાં હું છું અને મારી અંદર પ્રભુ છે આખા જગતમાં પરમાત્મા ઓત પ્રોત રમી રહેલા છે એવી મંગળમય ભાવના રાખીને એનો લાભ લેતા રહેવો એનો આનંદ લેવો. ભગવાન સર્વને સુખી સમૃદ્ધિ વાળા બનાવે બ્રહ્મરૂપ બનાવે એવી પ્રાર્થના કરીએ કે-

**સર્વેત્રઃ સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયા ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખ ભાગભવેત્ ॥**
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રિય સજ્જનો,

વેદ એ ભારતનું મહાન રત્ન છે. વેદ એ માનવની અંતરની આંખો છે. વેદના માધ્યમથી માનવ પૂર્ણને, પરમાત્માને જોઈ શકે છે. અનુભવી શકે છે તો 'तं त्वा औपनिषदं पुरुषं पृच्छामि ।' (બૃહ. ઉપ. ૩-૯-૨૬) ઉપનિષદોની આંખેથી જે પુરુષ દેખાય છે એ પૂર્ણ છે. આ કઠોપનિષદનો પ્રસંગ ચાલે છે જેમાં યમરાજા નચિકેતાને જ્ઞાન આપતા સમજાવે છે કે-

इन्द्रियाणां पृथग्भावमुदयास्तमयौ च यत् ।
यृथगुत्पद्यमानानां मत्वा धीरो न शोचति ॥२-३-६॥
(કઠોપનિષદ્)

કે ઈન્દ્રિયો જે કંઈ 'उत्पद्यमानां' (એટલે ઉત્પન્ન થવા વાળા) પદાર્થો છે અને એથી જે આત્મા છે એ **'પૃથગ'** પૃથક છે (જુદો છે.) એટલે એક વિકારી છે અને બીજું નિર્વિકારી તત્ત્વ છે. તો આ શરીરમાં જે ન ઉત્પન્ન થવા વાળું જે હંમેશા રહેવા વાળું તત્ત્વ છે એ આત્મા છે. અને જે આવે છે ને જાય છે વધે છે ને ઘટે છે એ બધું અનાત્મા છે. એટલા માટે ઈન્દ્રિયોથી જેનો અસ્ત થાય ને વિકાસ થાય જન્મે ને મરે વધે ને ઘટે આવે અને જાય એ બધાને વિકારી સમજવું એટલે એને બધાને શરીર સમજવું અને જે વધેય નહિ ઘટેય નહિ આવેય નહિ ને જાય નહિ હંમેશા છે છે ને છે. અને જે જાણવાવાળું જે ચૈતન્ય તત્ત્વ છે એ બધાનો આત્મા છે એનું મનન કરો એટલે 'હું અમર આત્મા છું' હું અસંગ આત્મા છું શુદ્ધાત્મા છું. (હું) વધતો નથી ને ઘટતો નથી હું આવતો નથી ને જતો નથી. એવું મનન કરીને- 'मत्वा धीरो न शोचति ।' કે મનન કર્યા પછી ધીર પુરુષોને શોક રહેતો નથી. 'तरति शोकम् आत्मवित् ।' એટલે જે આત્માને ઓળખી જાય એ શોકને તરી જાય છે. તો આત્મા અસંગ છે. નિર્લેપ છે સમરસ છે. એક રસ છે. એ શબ્દો બરાબર યાદ રાખવા જેથી માનવને હરખય ન રહે ને શોક (પણ) ન રહે. સમરસ હોવાથી વધે નહિ ને ઘટે નહિ. વધે નહિ એટલે હરખ નહિ ને ઘટે નહિ એટલા માટે શોક નહિ. પૂર્ણ હોવાથી આવા-ગમન નહિ એટલા માટે આવ્યો એનો હરખ થયો ને ગયો એનો શોક થયો એ ના થાય. આત્મા કોઈ દિ' આવતો નથી ને જતો નથી. તો ઘણાંને શંકા થાય કે આ બધા, જીવ મરી ગયો ને આવ્યો એ શું કહે છે ? તો એને વિશેષ અવસ્થા આવે છે ને વિશેષ જાય છે. સામાન્ય સત્તા સર્વની અંદર અસ્તિત્વ રૂપે રહેલું છે છે ને છે. એટલા માટે મૂળ જે એનું સ્વરૂપ છે. હંમેશા રહેવાવાળું (એ) અસંગ, નિર્લેપ, વ્યાપક છે.

'महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।'
(કઠ.-૨-૧-૪)

એટલા માટે ઉપનિષદ્‌માં બતાવ્યું કે એ મહાન છે વિભુ છે. વિભુ હોવાથી વ્યાપક હોવાથી સર્વત્ર વિદ્યમાન છે તો સમરસ છે એક રસ છે હંમેશા રહેવા વાળું છે. અને બધામાં એક જ તત્ત્વ છે. એમ માનીને રાગ-દ્વેષ ન કરવા કે આ સારું ને આ મોળું, આ ગમે ને આ ન ગમે, આ મારું ને આ તારું એ ભેદ અનાદિ કાળથી જીવને ભ્રાંતિમાં નાખીને દુઃખમાં નાખી રહેલા છે એ ભેદને દૂર કરીને સમરસ પરમાત્માને સર્વમાં જોવા આત્માને એક રસ બધાની અંદર જોવાની ટેવ પાડવી. તો એને ફરીન શોક રહેતો નથી.

इन्द्रियेभ्यः परं मनो मनसः सत्त्वमुत्तमम् ।
सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमूत्तमम् ॥७॥
(૨-૩-૭)

अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च ।
यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ॥८॥
(૨-૩-૮)

યમરાજા કહે છે કે, હે નચિકેતા ! મન જે છે એ ઈન્દ્રિયો કરતા પણ મહાન ઉત્તમ છે. એટલા માટે ઈન્દ્રિયોથી વધારે આગળ મન છે ને મનથી આગળ તુ અંતઃકરણ છે. અંતઃકરણથી આગળ મહાન મહતત્ત્વ છે. અને મહતત્ત્વથી અવ્યક્ત પ્રકૃતિ છે. (અને) અવ્યક્ત પ્રકૃતિથી પરમાત્મા મહાન છે. 'अव्यक्तात्तु परः पुरुषो व्यपकोऽलिङ्ग एव च ।' કે અવ્યક્ત જે માયા છે જેમાં કંઈ પણ દેખાય નહિ વ્યક્ત ન થાય એનાથી પણ ઉપર કોઈપણ ચિહ્ન વગરનું અલિંગ વ્યાપક પરમાત્મા છે.

**ચિહ્ન ચરિત્ર જેને નહિં, સૌનો પ્રેરક સોય,**
**પ્રીતમ ત્હેને પ્રીછતાં, આવા ગમન ન હોય.**
**સચ્ચિદાનંદ્ આનંદ સરવમાં, ભરી રહ્યો ભરપૂર,**
**દિન રજની રહે રંગમાં, નિરમલ વરસે નૂર.**

(સ્વામી પ્રીતમદાસજી)

તો ધ્યાનથી યાદ રાખો લોકો એનો લાભ લેતા કેમ નથી ? તો જે વિકારી વસ્તુ છેને એ જલદી સામે આવે છે. નિર્વિકારી વસ્તુ જલ્દી અંતરમાં બેસતી કેમ કે 'निर्विशेषं परंब्रह्म साक्षाततत्त्वमनीश्वर ।' (         ) જે લોકો અસમર્થ જીવો અજ્ઞાની હોય છે એ નિર્વિશેષ પરમાત્માને સમજી શકતા નથી. એવા ઉપર કૃપા કરીને ઋષિઓ-મુનિઓ સવિશેષનું નિરૂપણ કરે છે પણ નિર્વિશેષ એ પૂર્ણ છે વ્યાપક છે દિવ્ય છે મંગળમય છે એટલા માટે અલિંગ્ય જે અવિનાશી જેના કોઈ ચિહ્ન નહિ ચરિત્ર નહિ આકાર નહિ પ્રકાર નહિ એવા પૂર્ણ પરમાત્મા છે જે આખા વિશ્વની ઉપર છે જેની ઉપર કોઈ નહિ આગળ કોઈ નહિ પાછળ કોઈ નહિ ગીતામાય ભગવાને કહ્યું-

'यस्माद् परं ना परमस्ति किंचित्' (          )
'मतः परतरं नान्यत्-किंचिदस्ति धनंजय'
(ગીતા-અ-૭-૭)

ભગવાન કહે છે કે મારાથી ઉપર-નીચે બીજુ કાંઈ છે નહિ. એક જ તત્ત્વ સર્વમાં સમરસ ભરી રહેલું છે. 'सर्व वासुदेवः मिति स महात्मा सुदुर्लभः ॥' (ગીતા-૭-૧૯) બધુ જ વાસુદેવ સ્વરૂપ છે બધુ જ બ્રહ્મ સ્વરૂપ છે એવું સમજવું એ બહું દુર્લભ છે.

इश्वरानुग्रहादेषां पुंस मद्वैतवासना ।
महाभयकृतत्राणां द्वित्राणां यदि जायते ॥

(ખણ્ડનખડ-પ્રથમ પરિકારિકા-૨૮)

ઈશ્વરનો જયારે અનુગ્રહ થાય ગુરુની જયારે કૃપા થાય ત્યારે કોઈક ભાગ્યશાળી જીવની અદ્વૈત ભાવના થાય કે બધુ જ અખંડ બ્રહ્મ સ્વરૂપ છે. આગળ-પાછળ, ઉપર-નીચે બધે ભરપૂર (અખંડ બ્રહ્મ) છે એવી અવસ્થા ભાગ્ય શાળીને થાય, ભગવાનની કૃપા હોય એને થાય છે. એવી કૃપા ટકાવી રાખવી એમ કહેવાનો મુખ્ય અભિપ્રાય છે. જો એ ભાવ બનાવી રાખશો તો તમે ભાગ્યશાળીમાં ગણાશો અને એને તર્ક-વિતર્ક કરીને તોડી નાખશોને તો પોતે દુર્ભાગી... પોતે પોતાની મેળે પોતાના પગમાં કુહાડો મારવાવાળા થશો. જે ડાળ પર બેસો એ ડાળને તોડવા વાળા મુર્ખમાં ગણતરી થશે એટલા માટે

**અખંડ મંડલા કારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

(શ્રી ગુરુગીતા)

તો સર્વ વ્યાપક હોવા છતાં લોકોને અનુભવમાં ન આવવાનું કારણ છે એને (કોઈ) ચિહ્ન નથી. ચરિત્ર નથી આકાર નથી પ્રકાર નથી. પણ અજ્ઞાની જીવો આકાર પ્રકાર રૂપમાં શોધે છે. એટલે એને જડતા નથી. જે રૂપમાં છે એ જ રીતે જોવા ઈચ્છે તો તરત જડે એમ છે પણ જે રૂપમાં નથી એ રૂપમાં શોધવા માગે છે એટલે જીવોને લાખો વર્ષ વયા જાય તોય ભટકતા રહે છે.

**''પ્રભુ હતા પાસે રે,વિભુ નોહોતા વેગળા રે જી,**
**કંઈક જુગ વિત્યા રે, એણે પંથે ચાલા રે જી.''**

તો કેમ વાર લાગી ? કહે છે કે-

**''લોકડીયાની લાજે રે, તાણ્યોં મેં તો ઘુંઘટો રે જી,**
**એણે મેં તો દીઠા નહિ સુંદીર શ્યામ,**
**પ્રભુ હતા પાસે રે, વિભુ નહોતા વેગળા રે જી.**
**સૂરજ ઘેરાણો રે જેમ વાદળે રે જી,**
**એમ અવિદ્યાએ ઘેરાણો આતમ રામ,**
**કંઈક જુગ વિત્યા રે, એણે પંથે ચાલતા રે જી.''**

(નરસિંહ મહેતા)

તો અવિદ્યા શું કહેવાય ! એ ધ્યાનથી થોડું સમજો વિદ્યા શું કહેવાય ? સાંભળો. 'બધુ જ બ્રહ્મ છે' એમ સમજો એનું નામ વિદ્યા. અવિદ્યા શું કે 'બ્રહ્મ સિવાય જે બીજું દેખાડે એનું નામ અવિદ્યા' રહ્યું યાદ ? બોલો ? બ્રહ્મ નો દેખાવા દે અને બીજું દેખાડી દે એનું નામ જ અવિદ્યા છે બ્રહ્મ.

(ક્રમશઃ)

**આપન તેજ સમ્હારો આપે ।**
**તીનો લોક હાંકતે કાંપે ॥**
**ભૂત પિશાચ નિકટ નહીં આવે ।**
**મહાબીર જબ નામ સુનાવૈ ॥**

હે હનુમાનજી! આપની એક હાંક પડે ત્યાં ત્રણેય લોક થરથર કાંપવા લાગે છે જો આપના તેજનો મને સહારો મળી જાય તો ભૂત, પિશાચ નિકટ નહીં આવે.. જ્યારે તમારું નામ મહાવીર સંભળાવે. આવા હનુમાનરૂપી મનનું સામર્થ્ય સાંભળીને તેનો જપ કરવાથી સદા યાદ રાખવાથી.

**નાસે રોગ હરે સબ પીરા ।**
**જપત નિરંતર હનુમંત બીરા ॥**
**સંકટ તે હનુમાન છુડાવૈ ।**
**મન કર્મ બચન ધ્યાન જો લાવૈ ॥**

નાના મોટા બધા રોગ જતા રહે. બધી પીડા શાંત થઈ જાય. બધા પ્રકારના સંકટમાંથી હનુમાનજી છોડાવે છે. જો મન, કર્મ, વચનથી સતત નિરંતર હનુમાનજીનું સ્મરણ કરે, સામર્થ્યનું સ્મરણ કરે, તાકાત, બળ, મનોબળને યાદ કરે, આત્મબળ ધ્યાને લાવે.

**સબ પર રામ તપસ્વી રાજા ।**
**તિનકે કાજ સકલ તુમ સાજા ॥**
**ઔર મનોરથ જો કોઈ લાવૈ ।**
**સોઈ અમિત જીવન ફલ પાવૈ ॥**

વનવાસ ધારણ કરનાર તપસવી રાજા રામના બધા કામ હે હનુમાનજી ! તમે પાર પાડી દીધા. એવી રીતે કોઈપણ આવા મનોરથ લઈને આવે તો તે અમીત, અમર ફળ પ્રાપ્ત કરે છે.

સંસારમાં આવેલા બધા વનવાસી દુઃખી જીવોના કામ પાર પાડવાવાળા હનુમાનજી એટલે આત્મવિશ્વાસ રૂપી મન જો મજબૂત હોય તો બધાં કાર્ય પાર પડી જાય છે અને અમર ફળ મેળવે છે.

**ચારો જુગ પરતાપ તુમ્હારા ।**
**હૈ પરસિદ્ધ જગત ઉજીયારા ॥**

ચારો યુગ- સતયુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગમાં જે કાંઈ પ્રતાપ છે, પ્રભાવ છે, હે હનુમાનજી! જે કાંઈ પ્રસિદ્ધિ છે, તે બધો પ્રભાવ તમારો છે.

**સાધુ સંત કે તુમ રખવારે ।**
**અસુર નિકંદન રામ દુલારે ॥**

હે હનુમાજી ! સાધુ-સંતના તમે રખવાળા છો અને અસુરોનું નિકંદન કાઢનારા છો.

જ્યારે દેહ મટી જાય અને આત્મભાવ જાગે ત્યારે અસુરોનું નિકંદન નિકળી જાય છે. ત્યારે જ.

**અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા ।**
**અસ બર દીન જાનકી માતા ॥**

આઠ સિદ્ધિ, નવ નિધિના દાતાર થવાનું સામર્થ્ય આવે છે. શાન્તિરૂપી સીતા માતા, યશ રૂપી કીર્તિનો વરસાદ વરસાવે છે.

**રામ રસાયન તુમ્હરે પાસા ।**
**સદા રહો રઘુપતિ કે દાસા ॥**

રામ રસાયણ એટલે પરમાત્માનું વિજ્ઞાન તમારી પાસે છે. આત્મજ્ઞાન રૂપી રસાયણ તમારી પાસે છે. હનુમાજી આપની પાસે છે એટલે પવિત્ર મનમાં છે. જે મનનો પણ મન છે, તેથી હે હનુમાનજી! આપ સદા રઘુપતિના દાસ એટલે પરમાત્મા પરાયણ રહો છો. આત્મ પરાયણ મન પ્રભુનું દાસ કહેવાય છે, એટલે હે હનુમાનજી,

**તુમ્હરે ભજન રામ કો પાવૈ ।**
**જનમ જનમ કે દુઃખ બિસરાવૈ ॥**

તમારા આવા આત્મભાવથી જ પ્રભુને સેવા ભજન ભાવે છે. પાવૈ એટલે પહોંચે છે, પ્રાપ્ત થાય છે. જેથી જનમજનમના દુઃખ વિસરાય છે, અને અંતે....

**અંત કાલ રઘુબર પુર જાઈ ।**
**જહાં જન્મ હરિ-ભક્ત કહાઈ ॥**

જ્યાં અંત કાળ ાવે ત્યારે રઘુવર એટલે પરમાત્માને પ્રાપ્ત થાય છે. જ્યાં જન્મ પર હરિ-ભક્ત કહેવાય છે.

**હવે અંતે ઉપસંહાર કરતા કહે છે :**

**ઔર દેવતા ચિત્ત ન ધરઈ ।**

**હનુમંત સેઈ સર્વ સુખ કરઈ ॥**

**સંકટ કટૈ મિટૈ સબ પીરા ।**

**જો સુમિરૈ હનુમંત બલબીરા ॥**

ઓર બીજા કોઈ દેવની કલ્પના ન કરશો, કેમ કે ચિત્તમાં એક જ હનુમાન જે મન કેવલ આત્મારામ થઈને સેવા કરે છે તે મન રૂપી હનુમાન સિવાય ચિત્તમાં અન્ય કોઈ ધરશો નહીં, કેમ કે નિષ્કામ મન એ જ બધા પ્રકારનું સુખ કરવાવાળું છે. ઈચ્છાઓ દુઃખનું કારણ બને છે, જ્યારે રામ પરાયણ મન બધા દુઃખનું મૂળ ઈચ્છાઓને ત્યાગ કરે છે, તેથી કોઈ સંકટ કે પીડા રહેતી નથી. બધી પીડા મરી જાય છે. જો આવા નિષ્કામ, નિષ્કપટ, પવિત્ર મન રૂપી હનુમંત બલવીરને યાદ રાખે. હૃદયમાં એનું સ્મરણ રાખે તો કોઈ વિઘ્ન, બાધા નડતી નથી. માટે હંમેશાં આપણા મનને મજબૂત રાખવું, આત્મબળવાળું રાખવું.

**જય જય જય હનુમાન ગોસાઈ ।**

**કૃપા કરહુ ગુરુ દેવ કી નાઈ ॥**

ગો એટલે ઈન્દ્રિયો અને સાઈ એટલે નાથ. જે ઈન્દ્રિયનો સ્વામી છે તે મન રૂપી હનુમાનજીની જય હો, જય હો એમ બે વખત જય હો કહીને કહે છે કે તમારી ઉપર ગુરુદેવે કૃપા કરી છે, જેને ગુરુકૃપા થાય તેને જ આવા હનુમાન જેવા બનવાની ક્ષમતા આવે છે. એટલે જેને ગુરૂકૃપા થાય તે જ હનુમાનપદનો યોગ્ય બને છે. જે કોઈ આવા હનુમાન રૂપી મનથી પોતાનું મન આવું બનાવવા માગતા હોય તો -

**જો સત બાર પાઠ કર કોઈ ।**

**છુટહિ બંદિ મહા સુખ હોઈ ॥**

અભ્યાસ, વૈરાગ્ય દ્વારા મનનો નિરોધ થાય છે, માટે એક વાર નહિ પરંતુ સો વાર પાઠ કરવાનો અભ્યાસ જો કોઈ કરે તો બંધ મોક્ષનું કારણ આ મન-મુક્તિનો મારગ સુખ મહાસુખ આપે છે.

**જો યહ પઢૈ હનુમાન ચાલીસા ।**

**હોય સિદ્ધિ સાખી ગૌરીશા ॥**

જો આ હનુમાન રૂપી સામર્થ્ય વાળુ મન ના ગુણાનુવાદ જો કોઈ વાંચે તો શાસ્ત્ર પણ શાખ પુરાવે છે.

**તુલસીદાસ સદા હરી ચેરા ।**

**કીજે નાથ હૃદય મહં ડેરા ॥**

આવી રીતે તુલસીદાસ પરમાત્માના દાસ બની શરણાગત થઈ ગયા તેથી હે નાથ ! મારા હૃદયમાં સદા માટે આપ આવીને બિરાજો.

(દોહા)

**પવનતનય સંકટ હરન, મંગલ મૂર્તિ રૂપ ।**

**રામ-લખન-સીતા સહિત, હૃદય બસહુ સૂર ભૂપ ॥**

હે પવનતનય, વાયુ રૂપ શરીરવાળા, મંગલમૂર્તિ હે સંકટ હરવાવાળા, જેમના હૃદયમાં વિવેક, વૈરાગ્ય, ષટ્ સંપત્તિ રૂપ રામ, લખન, સીતા બિરાજે છે. જે સર્વે દેવના ભૂપ-રાજા છે, તેવા હનુમાનજી.

॥ સિયાવર રામચંદ્ર કી જય, પવનસૂત હનુમાન કી જય ॥

॥ ઉમાપતિ મહાદેવ કી જય ॥

॥ વૃંદાવન કૃષ્ણચંદ્ર કી જય ॥

॥ બોલો ભાઈ સબ સંતન કી જય ॥

॥ રમાપતિ રામચંદ્ર કી જય ॥

## આંખલડી હરખી (ભાગ-૧)

આંખલડી હરખી રે, હરિ રૂપ ગુરૂ મળ્યાં,
નારાયણ સ્વરૂપ ને નીરખીને મારાં નેણાં ઠર્યા,
મારા અંતરના અંધારા રે હરિ વિના કોણ હરે.
ગુરૂ બ્રહ્મ જ્ઞાન આપજો રે જીવન મારૂ ધન્ય બને.
આંખલડી....

મારા દીલડાના દુષણો રે, હરિ વિના કોણ કહે,
ગુરૂ ભક્તિ આપજો રે, જીવન મારું નિર્મળ બને.
આંખલડી....

મારા મન કેરા મેલને હે, હરિ વિના કોણ હરે,
ગુરૂ સમજણ આપજો રે, જીવન મારું સુંદર બને.
આંખલડી....

મારું મહિલા મંડળ વિનવે રે, ગુરુજી અમારા હૈયે રહેજો
ગુરૂજી શરણમાં રાખજો, રે, જીવન મારું ધન્ય બને.
આંખલડી....

**કુકડીયા લાભુબેન ઓધવજીભાઈ**
**(ચમારડી)**

# નામ અને રૂપનો મોહ

લેખક : શિવ

'હું આ શરીર નથી' એવો દૃઢ નિશ્ચય કરો. હું અમુક નામધારી નથી. આ નામ-રૂપતો, ભુતની જેમ, મને વળગેલાં છે. વાસ્તવિક રીતે મારે તેમની સાથે કઈ જ સબંધ નથી. શરીરનો નાશ થવાથી મને કંઈ નુકસાન થવાનું નથી. નામની બદનામી થવાથી મારી બદનામી થતી નથી. હું અમર છું, નિષ્કલંક છું, સનાતન છું, સદા એક રસ છું, નિર્લેપ છું, અવ્યય છું અને અજન્મા છું. મારા સ્વરૂપમાં કોઈ તફાવત નથી. પરિવર્તનનો પ્રદેશ નામ અને રૂપ સુધી જ લંબાયેલો છે.

માતાના ગર્ભમાં જ્યારે જીવાત્માંએ પ્રવેશ કર્યો તે વખતે તેનુ આજનું રૂપ નહોતુ ; અલબત્ત જીવાત્માં જરૂર હતો. મૃત્યુ પામ્યા પછી શરીરનો નાશ થઈ જશે. પરંતુ આત્માનો નાશ કદી નહી થાય; કેમકે, એ બંને અલગ વસ્તુઓ છે.

એ જ પ્રમાણે માતાનાં ગર્ભમાં જીવાત્માંનું કોઈ નામ પાડવામાં આવ્યુ નહોતુ. લોકો માત્ર એટલુ જ કહેતા હતા કે, 'બાળકનો જન્મ થશે.' એ પહેલા કોઈ નક્કિ કરી શકતુ નહોતું કે, 'છોકરો થશે કે છોકરી !' જન્મ થયા પછી જાહેરાત થઈ કે, 'છોકરો આવ્યો.' અમુક સમય વીત્યા પછી લાગતાવળગતાઓ તરફથી ગમે તે એક નામની પસંદગી કરવામાં આવી. માબાપને તે નામ ન ગમે તો બીજું હુલામણું યા કર્ણપ્રિય નામ પાડવાની પણ કયાં મનાઈ છે ? મોટા થયા પછી તે નામ પણ રદ કરીને ત્રીજુ નામ પણ પાડવાનીયે છુટ છે. નામ અને જીવાત્મા બંને જુદી વસ્તુઓ છે, એ પુરવાર કરવા માટે શું આટલો પુરાવો પુરતો નથી ?

નામ અને રૂપ બંને કલ્પિત છે-પરાણે ગળે પડેલા છે, પરંતુ અનેક જન્માર્જિત અજ્ઞાનના સંસ્કારોને લીધે જીવાત્મા તેને પોતાનું સ્વરૂપ માનીને તેના દ્વારા થતા નફા-નુકસાનમાં પોતાને સંડોવે છે અને અહોરાત તેની જ સેવામાં તત્પર રહે છે.

શરીરની સાવચેતીપુર્વક સંભાળ રાખવી અને કીર્તિની કમાણી કરવી, એજ તેનો વ્યાપાર થઈ પડયો છે. બસ આની જ પાછળ નાના-મોટા તમામ પાગલ બન્યા છે.

પરંતુ દીવાનાઓની એ દીવાની દુનિયાને ખ્યાલ નથી કે , આ મોહ છે, અજ્ઞાન છે, ઉન્માદ છે, માયા છે. મમતાનાં બંધનમાંથી છુટકારો મેળવો, સ્વ-સ્વરૂપને ઓળખો. એટલુ તો જરૂર યાદ રાખજો કે, જ્યાં સુધી આ નામ-રૂપાત્મક જગત સાથે છુટાછેડા નહિ લો ત્યાં સુધી સુખ-દુ:ખના ચક્કરમાં, કુવામાંનાં રેંટની જેમ, તમે ફર્યા જ કરશો. જે દીવસે, જે ક્ષણે નામ-રૂપનું મિથ્યાપણું અંતરમાંથી ઉતારશો અને તમને તેનાથી અલગ સમજશો તે જ ક્ષણથી પ્રકૃતિજન્ય સુખદુ:ખની ઉપાધિમાંથી તમે ઉગરી જશો. તમામ કાર્યોનુ કેન્દ્ર પ્રકૃતિ છે. આત્મા તો અવિકારી છે. આત્મા જ તમારુ સાચુ સ્વરૂપ છે.

યાદ રાખો કે શારીરિક બીમારીથી તમે બીમાર પડતા નથી, શરીરની તંદુરસ્તીથી તમે તંદુરસ્ત બનતા નથી; શરીરના જાડા થવાથી તમે જાડા થતા નથી, શરીરના દુબળા પડવાથી તમે દુબળા પડતા નથી. તમે નિ:સંગ છો, સદા સમાનચિત્ત છો; તમારી અંદર આ દ્વંદ્વોની હયાતી છે જ નહી. તમામ દ્વંદ્વોનુ દંગલસ્થાન પ્રકૃતિ છે.

જ્યાં સુધી તમે પ્રકૃતિના કબજામાં છો ત્યાં સુધી પ્રકૃતિના તમામ વિકારોનો હૃદયમાં આભાસ થાય છે. તમે પ્રકૃતિના રોગોથી રીબાઈ રહ્યા છો. શારીરિક રીતે તાજા યા તંદુરસ્ત હોવા છતા રોગી છો. તમારી સાચી સ્વસ્થતા 'સ્વ' (આત્મા) ને ઓળખવામાં રહેલી છે.

આત્મામાં જે સ્થિત છે તે જ સ્વસ્થ છે અને પ્રકૃતિમાં જે મસ્ત છે તે જ અસ્વસ્થ છે. રોગી-નીરોગીની આ વ્યાખ્યા આપને નવી લાગશે, પણ

આ તો બહુ જૂની અને પુરાણી છે.

આ દ્રષ્ટીએ તમારા નામના યશોગાન ગવાવાથી તમારી આબરૂમાં ઉમેરો થતો નથી અને નામની નિંદા થવાથી તમારૂ નાક કપાઈ જતું નથી.

તમે નામથી નિર્લેપ છો, પરંતુ જ્યાં સુધી તમે નામને તમારૂ અસલ સ્વરૂપ માનવીની ભુલ, સમજવા છતાં પણ, સુધારશો નહિ ત્યાં સુધી નામની નિંદાથી તમને ખૂબ દુઃખ થશે અને નામની નામના થવાથી મોટુ સુખ ઉપજશે. આ જ કારણથી કીર્તિની કમાણી કરવાની ભ્રામક માન્યતાને વળગી રહીને તમે મહામુલા માનવ જીવનને નિરર્થક વેડફી રહ્યા છો.

કદાચ નામના મેળવી તોપણ શું થયું ! તે કેટલા દીવસ ટકશે અને એથી તમને શુ ફાયદો થશે ? જે નામધારીઓ અગાઉ નામના મેળવી ગયા છે તેમને આજે કોણ સંભારે છે ? નામના મેળવવાથી મમતાનું બંધન વધુ સખત બનશે અને તમે આત્મામાં સ્થિત થવાને બદલે અનેકગણા પાછળ હડસેલાઈ જશો-કાંત્યુંપીંજ્યું કપાસ થઈ જશે. માટે નામ અને રૂપના મોહ મુકી દઈ, સ્વરૂપના આરામ અને યશોલબ્ધિની આકાંક્ષા ત્યાગી, સ્વ-સ્વરૂપને પિછાણો.

તમે હંમેશા મુકત છો. બંધનની એવી કોઈ ગુંજાશ નથી કે તમારી સન્મુખ તે ફરકી શકે. સુખ-દુઃખના દ્વંદ્વો સ્વપ્નમાં પણ તમને સતાવી નહી શકે.

તમે પોતે જ અખુટ શાંતિનો ખજાનો છો. તમે પોતે જ તૃપ્તિની તિજોરી છો; તમે પુર્ણ છો, અખંડ છો, કુટસ્થ છો, અવિચળ છો અને સનાતન છો.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ આકરૂ, હાલ અમદાવાદ સ્વ. બેચરભાઈ ગજાભાઈ જાદવ (ઉંમર વર્ષ ૮૫) સંવત ૨૦૭૩ આસો વદ-અમાસ (દિવાળી) તા.૧૯-૧૦-૨૦૧૭ ને ગુરૂવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# દોષ કયાં રહે છે ?

**ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

કામ, ક્રોધ, લોભ, અસત્ય, ઈર્ષા, દ્વેષ, મત્સર, વેરઝેર, અભિમાન, નાસ્તિકતા, વગેરે દોષોનુ અસ્તિત્વ તમારા સ્વભાવમાં રહેલુ નથી. એતો બહારની વસ્તુઓ છે ! ભુલથી તમે તેને અંતઃકરણમાં સ્થાન આપ્યુ છે. તેઓ ચોર છે. વળી તમારા દુશ્મન છે. મિત્રનો સ્વાંગ સજી એ તમારુ સત્યાનાશ વાળી રહ્યા છે. તમને ભ્રમમાં નાખીને એવુ ઠસાવી દીધુ છે કે, મન એ એનું પોતાનું જ ઘર છે. ઘર હોય ત્યાં જ તેઓ રહે ને ?

તમે તો પ્રભુની નાતના જ છો, પ્રભુના જ અંશ છો; દોષો અને વિકારોથી ભરેલા શત્રુપણાને સારી રીતે સમજી લઈને તેમનાં પર સંપુર્ણ શકિત વડે આક્રમણ કરો અને મનરૂપી પ્રદેશમાં પગદંડો જમાવવાની તેમની દુષ્ટ મુરાદોને મનથી જ માંરી નાખો.

નિશ્ચય કરો કે, હુ પરમ શુદ્ધ છુ. સર્વથા વિકારરહીત છુ, મારામાં કામ-ક્રોધાદી દુશ્મનો દાવપેચ ખેલી શકતા નથી. કોઈ ખુણેખાંચરે તેઓ સંતાઈ રહેલા જણાય તો તેમને જાનથી મારી નાખવાની ચેતવણી આપો. તેમ છતાં ન માને તો તમારી તાકાતનો પરીચય આપીને તેને નસાડી મુકો. જ્યાં સુધી તમે તમારી શક્તિની સાબીતી નહી આપો ત્યાં સુધી જ તે તમારો પીછો નહી છોડે. તમારી તાકાતનો અનુભવ કર્યા પછી એક સેકંડ પણ તે નહી ટકી શકે.

તમે પુર્ણકામ છો, તેથી તમારામાં કામના હોઈ શકતી નથી. બધા તમારા પોતાના જ હોવાથી, કોઈ પારકું નહી હોવાથી, તમે કોઈના પર ક્રોધ કરી શકતા નથી. તમે નિત્યતૃપ્ત હોવાથી અસત્યની છાયાં મારા પર પડતી નથી. ઈર્ષા, દ્વેષ, મત્સર, અને વેર તમને અસર કરી શકતા નથી. સર્વ પ્રાણીઓમાં એક જ આત્મતત્ત્વ વિલસી રહ્યુ હોવાથી બીજાઓને તેમાં સ્થાન કયાંથી હોઈ શકે? કોઈ વસ્તુ હોય તો અભિમાન હોઈ શકે, પરંતુ વસ્તુનો જ જ્યાં અભાવ હોય, ત્યાં અભિમાનની શકયતા કયાં રહી! આત્માના અસ્તિત્વમાં નાસ્તિકતાનું અસ્તિત્વ હોઈ શકે ખરુ ?

જરા સ્થિર બુદ્ધિથી વિચાર કરો અને વહેલામાં વહેલી તકે આ દોષોને દૂર કરીને, તમારા શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરો.

# જીવન પરમાત્માની આપેલી બક્ષીસ છે.

લતા એ. માંગુકિયા
દડવા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જીવન સ્વ ઈચ્છાનું નહિ પણ પરમાત્માની ઈચ્છાનું પરિમાણ છે. આટલું સમજાય જાય તો જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ જાય. જીવન પાપકર્મનું ફળ નથી. જીવન માનવની વિષય-વાસનાના નિંદાજનક કર્મથી ધૃણિત નથી. જીવન જીવવું એ અપરાધ નથી પણ જીવન ને સમૃદ્ધ બનાવવા કામવાસનાના સેવન એ નરક નું દ્વાર છે. માટે આનો અનાદર ના હોય. પૂજા હોય, સત્કાર હોય. અત્યંત નમ્રતા સાથે પ્રસન્નતાપૂર્વક એને સ્વીકારી શિરોધાર્ય કરી ધન્યતા અનુભવવાની હોય એના દ્વારા સાચું સ્વરૂપ જાણવાનું છે આનો મૂળ ઉદ્ગમ વિચારવાનો હોય. મનુષ્ય જીવન પરમાત્મા સુધી પહોંચવા માટેનું સાધન છે.

જીવનને નુકશાન કર્યા વગર સારી રીતે તેનું પોષણ કરવું. તેનો વિકાસ આધ્યાત્મિક માર્ગે કરવો તેજ પુણ્યકર્મોનું હાર્દ છે. પછી એવો ભેદ પણ ન રાખવો કે પોતાનુ જીવન પવિત્ર ને બીજાનું જીવન પારકુ જીવન અપવિત્ર (સર્વોત્મં ભૂતાત્મા) એવો ભાવ રાખવો કે સર્વનો આત્મા એ જ મારો આત્મા છે. જે સમષ્ટિના જીવન નો ખ્યાલ સારી રીતે. રક્ષણ ને પોષણ કરનાર ગીતા માન્ય ધર્મ સંમત અને ઈશ્વરની ઈચ્છાને અનુકૂળ છે. (અ.૬, શ્લોક-૩૨)

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન ।**

સર્વ ભૂત તણો આત્મમાં સમ ભાવ રાખી જીવન જીવવું ધર્મ એમ નથી કહેતો કે બીજાનું શોષણ કરો પણ આસક્તિ રાખ્યા વગર બીજાના જીવનું સંરક્ષણ કરો એટલો ધર્મનો આગ્રહ છે. આવી ભાવના રાખવી સહ ના વવતુ - આપણે મળીને એકબીજાની રક્ષા કરીએ. સહનૌ ભુનકતુ-આપણે સાથે મળીને ભોગવીએ. માં વિદ્વિષા વહૈ-આપણે એકબીજાનો દ્વેષ ના કરીએ હું નો વિચાર ધર્મ વિરૂદ્ધ ગણાશે કેમકે તેમ કરવાથી આપોઆપ જ તુ નો દ્રોહ થાશે માટે હુ ની સાથે તુ જોડી સમભાવ રાખવો માટે જીવનમાં ધર્મની ધજા ધારણ કરવી પડેશ. ધર્મની જરૂર મરવા ઈચ્છનારને નહિ પણ જીવવાની ઈચ્છા કરનારને વધુ છે.

**યેષા નં વિધા ન તપો ન દાનઃ**
**જ્ઞાન ન શિલં ન ગુણો ન ધર્મ ।**
**ન મૃત્ય લોક ભુવિ ભારભુત**
**મનુષ્ય રૂપેણ મૃગ શરરન્તિ ॥**

જેના જીવનમાં વિધા નથી. તપ નથી જે દાન નથી કરતો. જે ને સ્વસ્વરૂપ નું જ્ઞાન નથી. જેનામાં શિલઃ પવિત્ર નથી. જેનામાં દૈવીગુણ નથી જે ધર્મનું પાલન નથી કરતો. એ ભૂમિ પર ભારરૂપ છે. ને પશુ સમાન છે. માટે જીવનની નીંદા છોડી દઈ પરમાત્મની આપેલી બક્ષીસ છે એ પુનિત પરમાત્માથી વંચિત રાખતુ ગેરસમજણનું છતરુ ફેંકી દઈને પરમાત્માની જ ઈચ્છાનો આદર કરી જીવનને ધન્ય બનાવી જીવનનો સાચો સ્વાદ માણીએ આ છે ગીતા ને ગીતાગાયકની ઈચ્છા. જેમ શ્રીકૃષ્ણે પણ જીવનને જાણી પછી માણીયું. તેમ આપણે પણ જીવન જાણી માણએ પરમાત્માથી વિરૂધ્ધ નિરર્થક ન વેડફીએ. એજ સદ્ગુરૂના ચરણમાં પ્રાર્થના. અસ્તુ.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ પાલડી, હાલ મુંબઈ સ્વ. રાહુલ ઘનશ્યામભાઈ ભરોડિયા (ઉંમર વર્ષ ૨૦) સંવત ૨૦૭૪ કારતક વદ-ચૌદશ તા. ૧૭-૧૧-૨૦૧૭ ને શુક્રવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

શ્રી માગસર વદી સાતમ, છે નિર્વાણ તિથિ કાયમ;
શ્રી ગુરૂભાઈઓ ! સચ્ચિદાનંદ સત્ય છે;-(ટેક) ૧
ગુરૂ માધવનાથની તિથિ, નિર્વાણ જયંતિની મિતિ;-શ્રી ગુરૂ ૨
ધ્યાન ભજનમાં દિવસ ભરવો,આનંદ મહોત્સવ કરવો;-શ્રી ગુરૂ ૩
ગુરૂ માધવાનંદને ભજશે, તે સેહેજે ભવજળ તરશે;-શ્રી ગુરૂ ૪
શ્રી માધવ નામ પ્રતાપ, બળશે અનેક જન્મનાં પાપ;-શ્રી ગુરૂ ૫
જે જે દિવસો જાશે, તે તે પાછા નહીં દેખાશે;-શ્રી ગુરૂ ૬
સ્ત્રી પુત્ર અને પરિવાર, નાવે કામ લગાર;-શ્રી ગુરૂ ૭
છે સ્વારથનાં સહુ બેલી, અંતે મેલશે ત્હમને ઠેલી;-શ્રી ગુરૂ ૮
ભાઈ ! મ્હારૂં મ્હારૂં કરતાં, વ્હાલાં દીઠાં કંઈક મરતાં;-શ્રી ગુરૂ ૯
જે જે કરોડાધિપતિ કહાવે, તેમની સાથે પાઈ ન જાવે;-શ્રી ગુરૂ ૧૦
અહીંનું અહીં સહુ રેહેશે, જાશે એકલા દુઃખ સેહેશે;-શ્રી ગુરૂ ૧૧
આવ્યા હતા વાળી મૂઠી, પણ ચાલ્યા ઉઘાડી મૂઠી;-શ્રી ગુરૂ ૧૨
પુણ્ય પાપ જે કીધાં હાથે, તે આવશે સરવે સાથે;-શ્રી ગુરૂ ૧૩
સંત શાસ્ત્ર કહે પોકારી, છે ગતિ કાળની ન્યારી;-શ્રી ગુરૂ ૧૪
શ્રદ્ધા ભક્તિથી ગુરૂને ભજવા, લોભી પાખંડી તજવા;-શ્રી ગુરૂ ૧૫
ગુરૂ માધવની કરો સેવા, શિવ બ્રહ્મા વિષ્ણુ જેવા;-શ્રી ગુરૂ ૧૬
કરીએ ધ્યાન મુક્તિ લેવા, નહીં દામ પડશે દેવા;-શ્રી ગુરૂ ૧૭
મ્હને ગુરુભક્તિ બહુ ભાવી, શ્રી ગુરૂએ બતાવી ચાવી;-શ્રી ગુરૂ ૧૮
સેવક વલ્લભ વદે છે વાણી, અંતરમાં હુલ્લાસ આણી;-શ્રી ગુરૂ ૧૯
શ્રી ગુરૂ ચરણે નમીને રહે છે,સચ્ચિદાનંદ સૌને કહે છે.-શ્રી ગુરૂ ૨૦

* સંવત ૧૯૯૭ના માગસર વદી સાતમ ને શનિવાર તા.૨૧-૧૨-૧૯૪૦ ને દિવસે, ગામ કઠલાલમાં પરમપૂજ્ય સદ્‌ગુરૂ સ્વામીજી શ્રી માધવાનંદજી મહારાજની શ્રી નિર્વાણ જયંતીના મહોત્સવ પ્રસંગે, ગામ કપડવંજના ભક્ત વલ્લભરામે ગાયેલી આ સ્તુતિ-ભજન છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જય સદ્‌ગુરૂ શ્રી માધવ-આનંદ સ્વામી, પ્રભુ આનંદ૦;
કરૂં જ્યોતિથી આરતી (૨), પ્રણમું શિશ નામી;
ૐ જય માધવ ગુરૂદેવ૦ ૧

કેવળ બ્રહ્મ સ્વરૂપ, અવિચળ અવિકારી; પ્રભુ અવિચળ૦;
પૂરણ જ્ઞાન સ્વરૂપ (૨), ભક્તના ભયહારી;
-ૐ જય માધવ૦ ૨

મંગળ સચ્ચિદાનંદ, પરમાત્મા કહાવો; પ્રભુ પરમાત્મા;
ગુણાતીત મહેશ્વર (૨), ભક્ત જનને ભાવો;
-ૐ જય માધવ૦ ૩

કામ ક્રોધ લોભાદિક, ષટ્ રિપુને બાળ્યા, પ્રભુ ષટ્ રિપુને૦;
તજી કનકને કન્તા (૨), ત્યાગ-વૈરાગ્ય-પાળ્યા;
-ૐ જય માધવ૦ ૪

બ્રહ્મચર્ય વ્રત પાળી, ઈન્દ્રિય મન જીત્યાં;પ્રભુ ઈન્દ્રિય૦,
યોગી વ્યાપક સિદ્ધ (૨), ગાયાં બ્રહ્મ ગીતાં;
-ૐ જય માધવ૦ ૫

અંગે ભસ્મ ત્રિપુંડ્રો, કંઠે રૂદ્રાક્ષો; પ્રભુ કંઠે;
સ્મૃતિ વેદાંત પારંગત (૨), ધ્યાન સમાધિ લક્ષ્યો;
-ૐ જય માધવ૦ ૬

મુને તત્ત્વમસિનો બોધ, આપ્યો અદ્વિતીય;પ્રભુ આપ્યો૦;
નેહ નાનાસ્તિ કિંચન (૨), મૃગજળ વત્ દ્વિતીય;
-ૐ જય માધવ૦ ૭

મહા વાક્યોનો અર્થ, સમજાવ્યો ભારી; પ્રભુ સમજાવ્યો૦,
ગુરૂ ચરણે શિશ નમાવું (૨), આપ મુક્તિકારી;
-ૐ જય માધવ૦ ૮

ગુરૂ માધવ કરૂણા સિન્ધુ, જ્ઞાનામૃત વાણી; પ્રભુ જ્ઞાનામૃત૦
રામશંકરને શરણે (૨), રાખ્યો દાસ જાણી;
-ૐ જય માધવ૦ ૯

ॐ श्री सच्चिदानन्दाय नमः

अखंडमंडलाकारं, व्याप्तं येनं चराचरं।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरुवे नमः॥

સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી સાકાર દૃશ્ય થયા પહેલાં હતા. સાકારથી આપણે બધાએ લાભ લીધો છે અને અત્યારે પણ છે કારણ કે સ્વામી અખંડાનંદજી મહારાજ અવિનાશી છે. એ ક્યાય નથી એમ નથી વ્યાપક છે અને તે સચરાચરમાં વ્યાપક છે અને તત્ત્વમસિ મહાવાક્યમાં તત્ પદનું લક્ષ્યાર્થ છે. ઈશ્વર હતા અને બ્રહ્મ છે તેજ જગતનો પાલનહાર સ્વામી શ્રી જગદીશ્વરાનંદજી છે. જગદાધાર છે. જગતનો અધિષ્ઠાન છે, બ્રહ્મસ્વરૂપ છે.

ગીતાજી અધ્યાય ૧૫/૧ - ભગવાન ઉવાચ
ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित्॥१॥

ऊर्ध्व એટલે જેવી રીતે ટોપીની ઉપર કાપડ છે એટલે ટોપીનું કારણ કાપડ છે. જેવી રીતે ''માટલા''નું કારણ ''માટી'' છે તેમ કાપડનું કારણ સુતર છે. સુતરનું કારણ રૂ છે એ બધાથી ઉપર છે એ દૃષ્ટાંત છે. ऊर्ध्व સંસાર છે. જગતના પદાર્થોમાં ''હું પણું'' અને ''અહમ્ પણું'' પૃથ્વી ઉપર છે. પૃથ્વી કાર્ય છે. પૃથ્વીનું કારણ જળ છે. જળમાંથી પેદા થઈ જળમાં રહે અને જળમાં નાશ થાય એવી જ રીતે જળનું કારણ અગ્નિ છે અને જળ કાર્ય છે. અગ્નિમાંથી જળ પેદા થાય છે. આજનું વિજ્ઞાન પણ માન છે કે હાઈડ્રોજન અને ઓક્સિજન વાયુનું સંયોજન છે. ($H_2O$) અગ્નિનું કારણ વાયુ છે. વાયુનું કારણ આકાશ છે. આકાશનું કારણ મહદ્તત્ત્વ છે. મહદ્તત્ત્વનું કારણ ''પરમાત્મા'' છે. તે અધિષ્ઠાન છે. અનુભવમાં તૈતરિયઉપનિષદ વલ્લી-૨, મંત્ર-૧

ब्रह्मविदाप्नोति परम्। तदेषाभ्युक्ता। सत्यं ज्ञानमनन्तं ब्रह्म। यो वेद निहितं गृहायां परमे व्योमन्। सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति। तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः। आकाशाद्वायुः। वायोरग्निः। अग्नेरापः। अद्भ्यः पृथिवी। पृथिव्या ओषधयः। औषधी-भ्योऽन्नम्। अन्नात्पुरुषः। स वा एष पुरुषोऽन्न-रसमयः। तस्येदमेव शिरः। अयं दक्षिणः पक्षः। अयमुत्तरः पक्षः। अयमात्मा। इदं पुच्छं प्रतिष्ठा। तदप्येष श्लोको भवति॥१॥

એ જ અધિષ્ઠાન મૂળ છે તે અવ્યય છે. અવિનાશી છે. છંદો તેના વેદ અને પાંદડાં છે આ રીતે વેદ અને વેદના જાણવાવાળાં અનુભવથી કહે છે અને બીજો અનુભવ લેવો કે વિષય શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એની ઉપર છે એમ ત્વચા, રસના ગંધ ઘ્રાણ છે પાંચ જ્ઞાનેન્દ્રિય વિષયોને પ્રકાશક કરે છે અને તેને જાણે છે. એના ઉપર મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર છે તેના ઉપર મૂળ પરમાત્મા છે તે જગદાત્ અધિષ્ઠાન છે તે સંસારનું મૂળ છે તે અવિનાશી અને અવ્યય છે.

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः। अधश्च मूलान्यनुसंततानि कर्मानुबन्धीनि मनुष्यलोके॥अ-१५-२॥

આ જે સંસારવૃક્ષ છે એની આડી અવળી ઉપર-નીચે ડાળીઓ ફેલાયેલી છે. સત્વ, રજ અને તમ ગુણોથી યુક્ત. સત્વ એટલે જ્ઞાન, રજ-ક્રિયા અને તમ એટલે અજ્ઞાન એ પંચમહાભૂત વિષય પ્રવાલા એટલે - શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ. આજે અધશ્ચ મૂળ છે એ અહંતા, મમતા અને વાસનારૂપી મૂળિયા છે સમગ્ર સંસારમાં આ ફેલાયેલા છે. મનુષ્ય શરીરથી લક્ષ્ય ચોરાશી છે. મનુષ્ય શરીરથી ધર્મ અને અધર્મ થાય છે એટલે તેરમા અધ્યાયમાં આ શરીરને ક્ષેત્ર રહ્યું છે. ધર્મ અને અધર્મ પાપ અને પુણ્ય થાય છે. તેનાથી ચોરાશી લાખ યોનિમાં જીવ ફરે છે. રામાયણ કહે છે કે -

*કર્મપ્રધાન વિશ્વ રરિરાખા*

## કીર્તન-(રાગ ગરબી)

જેને મળીયા તે માધવાનંદજી રે,
તેના ટળીયા ચોરાશીના બંધજી રે; -જેને૦ ૧
જેનાં નામ લીધે પાપ જાય છે રે,
તેનાં ચરણ સેવે મુકિત થાય છે રે; -જેને૦ ૨
જેના ચરણોમાં ગંગાજી વસીયાં રે,
તેના દરશનથી દુઃખડાં ખસીયાં રે; -જેને૦ ૩
પરાપાર પરિબ્રહ્મમાં પોતે મળ્યાં રે,
કુટીલ કામ ક્રોધ લોભ સરવે ટળ્યા રે; -જેને૦ ૪
દશ ઈન્દ્રિયોને વશ કરી વારીયો રે,
મન રૂપી મોટા શત્રુને મારીયો રે; -જેને૦ ૫
સ્વામી દત્તાત્રેય સત્ય યુગમા રે,
તેવા માધવાનંદજી કલિયુગમાં રે; -જેને૦ ૬
બાળી કામ ક્રોધને કીધા કોયલા રે,
તેવા સંત મળવા છે ઘણા દોહીલા રે; -જેને૦ ૭
ગુરૂ પ્રતાપે માવો ગાયછે રે,
પ્રભુ ભજી અભયપદ પાયછે રે; -જેને૦ ૮

## કીર્તન-(રાગ ગરબી)

ભાવે ભજીએ શ્રીમાધવાનંદને રે લોલ;
ટાળે મોહ માયા જગજાલ ફંદને રે લોલ;
-ભાવે૦ ૧
આદ્ય મહંત જગ્તમાં બિરાજીયા રે લોલ;
મૂઢ પ્રાણી તે શરણે નવ આવીયા રે લોલ;
-ભાવે૦ ૨
વેદ વેદાન્તનું સિદ્ધાંત જેણે ગ્રહ્યું રે લોલ;
એવા ગુરૂને ચરણે મ્હારૂં ચિત્ત રહ્યું રે લોલ;
-ભાવે૦ ૩
જ્યાંહાં ત્યાંહાં આવા ગુરૂ નહિં મળે રે લોલ;
જેના દર્શનથી કોટિ પાપ પુંજ ટળે રે લોલ;
-ભાવે૦ ૪
હાથ જોડી નમીએ ગુરૂ દેવને રે લોલ;
માગું કૈવલ્ય મુકિત સુખ મેવને રે લોલ;
-ભાવે૦ ૫
ગુણ ગાવું શિશ સોંપી નાથને રે લોલ;
હજો સચ્ચિદાનંદ સર્વે મ્હારા સાથને રે લોલ;
ભાવે ભજીએ શ્રીમાધવાનંદને રે લોલ;

## કીર્તન-રાગ-વસંત-ગોડી-પ્રભાત

સદ્‌ગુરૂ માધવ સાચા,આ જગમાં સદ્‌ગરૂ માધવ સાચા;
ખટ્ દર્શનમાં ખોળી જોયું, -આ જગમાં૦ ૧
મત મારગી સહુ કાચા;
સત્યયુગમાં જે સમરણ કરતા, સચ્ચિદાનંદ સ્વરૂપ;
વેદાન્તનું સિદ્ધાંત ગ્રહ્યું માટે, -આ જગમાં૦ ૨
યોગીન્દ્રરાજના ભૂપ;
ભાલમા તિલક ત્રિપુંડ્ બિરાજે, રૂદ્રાક્ષ માળાઓ કંઠે;
સર્વ વ્યસનનો ત્યાગ કરાવ્યો, -આ જગમાં૦ ૩
જે બ્રહ્મભકિતથી ન વંઠે;
શબલ બ્રહ્મનો સંશય ટાળ્યો, કર્મની કલ્પના છોડી;
નિર્ગુણનાથનો નિશ્ચય કરીયો, -આ જગમાં૦ ૪
આશાની વાસના તોડી;
સદ્‌ગુરૂ દેવ શિખામણ દેવા, જગતમાં જાહેર જાણો;
મહાશંકર મન ઈન્દ્રિયો જીતી, -આ જગમાં૦ ૫
મોક્ષના સુખને માણે;

## કીર્તન-રાગ-વસંત-ગોડી-પ્રભાત

શ્રી માધવાનંદ સ્વામી,પ્રગટ પ્રભુ શ્રી માધવાનંદ સ્વામી;
અનેક ભકતને ઓધાર્યા, જગ્તમાં, પૂરણ બ્રહ્મને પામી;
-પ્રગટ૦ ૧
વેદકે પક્ષકો લક્ષ નિરંતર, કર્મ ક્રિયા સબ વામી;
વાસના રહિત વિકારથી અળગા, સમદર્શી સુખધામી;
-પ્રગટ૦ ૨
નિર્ગુણ બ્રહ્મકે નામ સ્મરણમાં, અખંડ વૃત્તિ ઉરજામી;
કામ ક્રોધ મદ મોહ શત્રુને, જીતી થયા જગનામી;
-પ્રગટ૦ ૩
ત્રિગુણાતીત જિતેન્દ્રિય જાણો; યોગીન્દ્ર રાજ અકામી;
સંત કે લક્ષણ શાસ્ત્રભણે છે, તેમાં નહિં કાંઈ ખામી;
-પ્રગટ૦ ૪
ત્યાગ કોટિક વૈરાગ્યકી દઢતા, માયા મમતા વિરામી;
કહત મહાશંકર મન કર્મ વચને, બ્રહ્મ સ્વરૂપ ભજામી;
-પ્રગટ૦ ૫

# પ્રકૃતિની પાઠશાળા આપણને કોણ શું શીખવે છે?

ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

કોયલ : વાણીમાં મીઠાશ રાખો.
કાબર : બોલે તેનાં બોર વેચાય.
કબૂતર : જીવનમાં શાંતિ જાળવવી.
ગીધ : અતિ લોભ તે પાપનું મૂળ.
ઘુવડ : ચારેય બાજુ નજર ચકોર રાખજો.
ચાતક : ઉતાવળે આંબા ના પાકે,
પ્રતીક્ષા કરો ધીરજ ધરો.
દેડકો : જીવન સંગીતમય બનાવજો.
બાજ : તક ઝડપી લેજો.
ભ્રમર : હંમેશા કીર્તન ગાતા રહો.
મોર : મનની ખુશી પ્રગટ કરો.
ગમતાનો કરીએ ગુલાલ.
સારસ : જીવનસાથીને વફાદાર રહો.
સુઘ્રી : મકાનને 'ઘર' બનાવી ઘરમાં રહેતા શીખો.
હંસ : વિવેક વિના જિંદગી અધુરી છે.
હોલો : પ્રભુ અને પ્રાર્થનાને ક્યારેય ભુલશો નહી.
કીડી : સખત પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી.
આકાશ : સૌનું સમાવેશ થાય તેવું કરજો.
ચંદ્ર : પોતાનું હૈયું ઠરે અને બીજાનું ઠરે એવુ જીવજો.
ઝરણું : ધીરે ધીરે પણ મક્કમતાપૂર્વક આગળ વધજો.
દરિયો : કદી પણ લક્ષ્મણ રેખા ન ઓળંગો મર્યાદામાં રહો.
પૃથ્વી : ક્ષમાવાન બનો, સહન કરતા શીખો, માફ કરો
પર્વત : અડગ બનો, સ્થિતપ્રજ્ઞ રહો.
પુષ્પો : સારાં સંસ્કારોની સુવાસ ફેલાઈ તેવા કર્મ કરજો.
પવન : આળસ ઘસો અટકી ના જશો.
મેઘધનુષ્ય : જીવનમાં વિવિધતા રાખજો.
વૃક્ષો : ભલાથાવ અને ભલુ કરો, કોઈને આપતા શીખો.
વરસાદ : વહાલ વરસાવજો, સૌ પ્રત્યે અમી દૃષ્ટિ રાખજો.
વાદળ : પરોપકારી બનજો ભેદભાવ ભૂલી જજો.
ડાળ : (ડાળી) નમે તે સૌને ગમે.
ચંદન : ઘસાઈને ઉજળા થઈએ.
સૂર્ય : જ્ઞાન ફેલાવજો અજ્ઞાનનું અંધારૂ દૂર કરજો.

આજે હું માર્કેટ ગયો, ખબર નહી પણ આજ સુધી નહીં શીખેલું શીખવા મળ્યું. મને દ્રાક્ષ ખરીદવી છે. મેં દ્રાક્ષનો ભાવ પૂછયો. દુકાનવાળાભાઈએ કહ્યું ૮૦ રૂપિયા કિલો. બાજુમાં અલગ અલગ છુટી દ્રાક્ષ પડી હતી મેં પૂછયું આનો શું ભાવ છે. દુકાનદારે કહ્યું ૩૦ રૂપિયા કિલો. મેં પૂછયું આટલો બધો તફાવત કેમ. દુકાનદારે બહુજ સરસ જવાબ આપ્યો. દુકાનદાર કહે સાહેબ આ દ્રાક્ષ પેલા કરતા પણ સરસ છે. પણ ઝુમખાંમાથી છૂટી ગઈ છે.

તરત એક વિચાર આવ્યો જો દ્રાક્ષ ખાલી ઝુમખામાંથી છુટી પડી જાય તેનો ભાવ અડધા કરતા ઓછો થઈ જાય તેમજ જો આપણે ગમે એટલા સારા હોઈએ પણ પરિવારથી અલગ થઈ જઈએ તો આપણી કિંમત પણ અડધા કરતા ઓછી થઈ જાય.

(૧) દરેક દિવસ નવો છે. દરેક રાત નિરાલી છે. મા-બાપનો પ્રેમ પામીએ તો દરરોજ દિવાળી છે.
(૨) ગમે તેવી કઠણ છાતીવાળો લોખંડી મનોબળ ધરાવતો બાપ બે જગ્યાએ ઢીલો ઘેસ થઈ જાય છે. એક તો દીકરી ઘર છોડે ત્યારે અને બીજો દીકરો તરછોડે ત્યારે.
(૩) મા થી જગતમાં કોઈ બીજુ મોટુ નથી માં એટલી બધી મોટી છે. માં ની માં ને પણ નાની માં કહેવાય છે. મોટી માં નહી.
(૪) યાદ રાખજો મા-બાપને પારકાના ત્રાસ કરતાં દિકરાનો ત્રાસ વધુ પીડા આપે છે.
(૫) ઈશ્વરતો એક કલ્પના છે જ્યારે મા-બાપ એતો એક હકીકત છે. ઈશ્વર તો નિરાકાર છે. જ્યારે મા-બાપ સાકાર છે અને ઈશ્વર છે આપણી શ્રધ્ધા છે તો મા-બાપ સાક્ષાત્કાર છે.
(૬) ઘરમાં કોઈ ઘરડું સભ્ય હોય તો તેને ભાર ને બદલે ભાગ્ય માનજો કારણ છે. ઘરડું વૃક્ષ ફળ ભલે ન આપે પણ છાંયડો તો આપે જ છે.

લવજીભાઈ કે, સવાણી
(નાવડા)

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

શિક્ષકોએ ભણાવવાનું નથી પણ કેળવણી આપવાની છે. ભણતરમાં ત્રણ ચીજ આવે : લખવું, વાંચવું ને ગણવું. કેળવણીમાં માત્ર ત્રણ ચીજ આવે; મગજ, હૃદય અને હાથપગ. આ ત્રણને તાલીમ આપવી તેનું નામ કેળવણી. જે બહુ બુદ્ધિશાળી ને ભણવામાં બહુ હોંશિયાર હોય પણ તેનામાં સદાચાર, સંયમ, વિવેક, નિયમિતતા અને કરકસર, નમ્રતા, મહેનત કરવાની ટેવ વગેરે ગુણો ન આવે તો તેને ભણેલો કહેવાય પણ કેળવાયેલો ન કહી શકાય. બુધ્ધિની જરૂર છે. પણ તે માર્ગ બતાવવા માટે છે, કોઈને આંજી નાખવા માટે નહીં. ઉપનિષદમાં કહ્યું છે. ''તેજસ્વીનાવધીતમસ્તુ।'' તમારી બુદ્ધિ તેજસ્વી થાઓ. પણ એ ક્યારે થાય? બુદ્ધિનો જ્ઞાન અને હૃદય સાથે સંબંધ હોય ત્યારે. હૃદયમાં ભક્તિ, દયા, મૈત્રી વગેરે ગુણો હોય છે. એ ગુણોનો વિકાસ એ જ હૃદયની કેળવણી છે.

ઉત્પાદન વધે, ખેતી સુધરે એ બધું કરવાનું છે. પણ પાયાનું કામ ભાઈચારો વધે એ છે. તેના વિના બધું નકામું. ગામમાં રહેતા બધાને એક કુટુંબ જેવા ગણી આગેવાનો વર્તે, તો જે સુખ મળશે તેનું વર્ણન થઈ શકે તેવું નથી. તેની મીઠાશ જરા એકવાર ચાખી તો જુઓ, નીચેના ફકરા ધ્યાન દઈને વાંચો.

● બહુ બોલતા આવડે તેને આપણે વિદ્વાન કહીએ છીએ. પણ એવો માણસ જ્ઞાની ન પણ હોય. આચરતાં આવડતું હોય, તો જ જ્ઞાની કહી શકાય. જે કહે તે આચરણમાં હોય ઉતરેલું હોય તો તેને જ્ઞાની કે વિદ્વાન કહી શકાય. વિદ્વાન ઉપરથી દેખાય છે અને જ્ઞાની અંદરથી દેખાય છે.

● એક સૂત્ર આપણે યાદ રાખવાનું છે. તે એ કે જે કામ આપણા હાથમાં આવ્યું તેને ભક્તિપૂર્વક, એકનિષ્ઠાથી કુશળતાપૂર્વક મન દઈને કરવું. આવું કામ કરનાર કોઈ દિવસ પોતાના કાર્યમાં નિષ્ફળ જતો નથી.

● નાનપણથી કેળવણીની જરૂર છે. સારી ટેવો પાડવાની જરૂર છે. સારી ટેવો પાડવા બાળકોને રવિવારી બાળસભામાં મોકલો. ઘર દૂર હોય તો વડીલોની સાથે મોકલો. એક વખત આરતી, પ્રાર્થના, શ્લોક આવડી જશે પછી ઘરે નિયમિત બોલ્યા કરશે. સાથે સૂર્યનસમ્કાર, આસન, દાવ શરીરમાં તંદુરસ્તીનો વધારો કરશે. સુટેવો એટલે જ ઈન્દ્રિયોનો સંયમ.


● ઘસાઈને ઉજળા થઈએ બીજાના ખપમાં આવીએ. જેવું વાતાવરણ તેવો માણસ બને છે. જગતનું ભલું કરીને જીવે તે ઊંચો. માણસે કરેલા કર્મ તેણે અવશ્ય ભોગવવા પડે છે. દુઃખ વહેંચવાથી ઘટે છે અને સુખ વહેંચવાથી વધે છે.

● પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી હંમેશા કહેતા કે જરૂરિયાત વધી એટલું દુઃખ વધ્યું અને જરૂરિયાત ઘટી એટલે દુઃ ખ ઘટીયું. તો આપણે આમાંથી બોધ લઈએ કે જરૂર પૂરતી જ જરૂરિયાત વધારી સુખના ભાગી થઈએ. (ક્રમશઃ)


**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવા નાવડા, સ્વ. માવજીભાઈ વાલાભાઈ સવાણી (ઉંમર વર્ષ ૮૫) સંવત ૨૦૭૪ કારતક વદ-ત્રીજ તા. ૦૬-૧૧-૨૦૧૭ ને સોમવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

ચાલો ચાંદોદ ॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥ ચાલો ચાંદોદ



# શ્રી માધવાનંદ આશ્રમ



## સંચાલિત

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય આયોજીત

## ॥ અધ્યક્ષ ॥

**પ.પૂ. અનન્ત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ**

## મફત નેત્રયજ્ઞ , દંતયજ્ઞ તથા બાળ વિકલાંગ અંગ સુધારણા અંગેનો નિઃશુલ્ક નિદાન કેમ્પ



## તા. ૧૭-૧૨-૨૦૧૭ ને રવિવાર



## સવારે : ૯:૦૦ થી ૧:૦૦

**મફત :** આંખોની તપાસ કરી નિદાન કરીને યોગ્ય સારવાર.

**મફત :** આંખોના ઓપરેશન, ઝામર, વેલ, પરવાળા તથા મોતિયાના ઓપરેશન વિના મૂલ્યે.

**મફત :** કોમ્પ્યુટર દ્વારા આંખોના નંબરની તપાસ.

**મફત :** મોતિયાના દર્દીઓને ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવાની વ્યવસ્થા શંકરા આઈ હોસ્પિટલના ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બર - મોગર ગામ દ્વારા સેવા આપવામાં આવશે.

**મફત :** ઓપરેશન વાળા દર્દીઓને ચાંદોદ થી મોગર લઈ જઈને મોગર ઓપરેશન કરીને ચાંદોદ પરત લઈ આવવાની વ્યવસ્થા.

**મફત :** દાંતની બીમારી, પાયોરીયા, સડી ગયેલા દાંત, દુઃખતા દાંત વગેરે માટેના નિષ્ણાંત દાંતના સર્જનશ્રીઓ દ્વારા કાઢી આપવામાં આવશે તથા તપાસીને દવા અને માર્ગદર્શન આપવામાં આવશે.

**દાંતના ડૉ. વૈદ્ય : ડૉ. મધુભાઈ બી. ઉપાધ્યાય**

## મફત આંખોના નંબરની તપાસ કરી આપવામાં આવશે.

**કેમ્પના આર્થિક સહયોગી :- સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - ઓઝરાળા**

**કેમ્પ સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દયારામ પુરી, કપીલેશ્વર મહાદેવ મંદિરની પાસે, મુ. ચાંદોદ, તા. ડભોઈ, જી. વડોદરા, ફોન :- ૦૨૬૬૩-૨૩૩૩૬૨, ૯૮૨૫૧ ૨૦૬૨૧**

## શંકરા આઈ હોસ્પિટલના સહયોગથી


**મુ. મોગર ગામ, આણંદ, નેશનલ હાઈવે નં. ૮, ફોન : (૦૨૬૯૨) ૨૮૦૪૫૦, ૨૮૦૪૬૦**

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વર; ।
ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ


# ઓઝરાળા ગામના આંગણે... ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદ થાય છે કે સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી આ વર્ષે અનન્તકોટી બ્રહ્માંડનાયક આર્ચ- દિવાકર યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો '૧૩૭' મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૪ ના માગશર વદ સાતમને શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ ના રોજ પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ધર્મધૂરંધર શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીની સમાધિના સાનિધ્યમાં પવિત્ર અને પાવનકારી શિવોહંપૂરી તીર્થધામમાં પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સર્વે સેવકના હૃદયમાં પ્રેમમૂર્તિ રૂપે બિરાજતા સદ્‌ગુરૂ ભગવાન શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી ના આશિર્વાદથી

## ઓઝરાળા ગામના આંગણે

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

તો આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યુ આમંત્રણ છે, તો અવશ્ય લાભ લેવા પધારશોજી.




**શોભાયાત્રા : તા. ૮/૧૨/૨૦૧૭ને શુક્રવારે બપોરે ૨.૦૦ કલાકે.**

## નિર્વાણ જયંતિ મહોત્સવ કાર્યસુચિ

### તારીખ ૯/૧૨/૨૦૧૭ને શનિવાર

- પ્રાતઃ કાલ : ૪.૩૦ થી ૬.૦૦ પ્રભાતિયા
- સવારે : ૬.૦૦ થી ૭.૩૦ શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ
- સવારે : ૭.૩૦ થી ૮.૩૦ ચા-પાણી નાસ્તો
- સવારે : ૮.૩૦ થી ૯.૩૦ શ્રી સદ્‌ગુરૂ પૂજન
- સવારે : ૯.૩૦ થી ૧૦.૦૦ સંતોનું સ્વાગત-સન્માન

સવારે : ૧૦.૦૦ થી ૧૨.૩૦ મહાપુરૂષોનું પ્રવચન
શ્રદ્ધાંજલિ વિષય-ગુરૂભક્તિ

### બપોરે

- મહાપ્રસાદ : ૧૨-૩૦ થી ૨-૦૦
- ભજન-કીર્તન : ૨-૦૦ થી ૩-૦૦
- સંતોના પ્રવચન(ગુરૂભકિત) : ૩-૦૦ થી ૫-૩૦
- આરતી-ધોળ : ૫-૩૦ થી ૬-૦૦

### સાંજે

- ભોજન તથા : ૬-૦૦ થી ૮-૦૦
સેવક પરિવાર મિલન
- પ્રાર્થના-કીર્તન- : ૮-૦૦ થી ૧૨-૦૦
મહાપુરૂષોનું પ્રવચન-ધૂન-ગરબી

:: નિમંત્રક :: સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, ઓઝરાળા

મુ. ઓઝરાળા, વાયા ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા. (ગુજરાત)
સંપર્ક સુત્ર : શ્રી હસમુખભાઈ પટેલ - ૯૯૭૮૯ ૦૩૨૩૫, શ્રી કનુભાઈ કા. પટેલ - ૯૯૨૫૨ ૩૭૧૨૧



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૧૦-૧૨-૨૦૧૭ - સુઘડ
- તા. ૧૩-૧૨-૨૦૧૭ - ધર્મજ
- તા. ૧૭-૧૨-૨૦૧૭ - લીંબાશી
- તા. ૨૧-૧૨-૨૦૧૭ - ચાણોદ
- તા. ૨૮-૧૨-૨૦૧૭ - મુંબઈ
- તા.૦૧-૦૧-૨૦૧૮ - થી ૩૧-૦૧-૨૦૧૮ (જાન્યુઆરી) વેદાંત સ્વાધ્યાય પ્રવચન
  સ્થળ : જે. બી. નગર, મિસ્ત્રી કોમ્પલેક્ષ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ.

## ''અખંડ જીવન જ્યોત'' પદયાત્રા - ભાવનગર થી પીપળીયા


પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ શ્રીની પ્રેરણાથી અખંડ જીવન જ્યોત પદ યાત્રાનું આયોજન વિ.ડી. પટેલ સાચપરા દ્વારા તા.૩૧-૧૦-૨૦૧૭ના શુભ દિવસે ભાવનગરથી પીપળીયા સુધી ૪૦ની સંખ્યામાં સંતો-ભાવિક ભક્તો પદયાત્રામાં જોડાયા હતા.

ભાવનગર થી વહેલી સવારે ૧ કલાકે પદયાત્રા પ્રસ્થાન થઈ હતી. ભજન-કિર્તન કરતા કરતા સવારે નવ કલાકે પીપળીયાધામમાં અખંડ જીવન જ્યોત રૂપે બીરાજતા સદ્‌ગુરૂ ભગવાનના દર્શન કર્યા હતા. પદયાત્રાના પ્રસંગે પીપળીયા ધામમાં પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીએ સેવક ગણ પર અનંત કૃપા કરીને દર્શન આશીર્વચન દેવા પીપળીયા પધાર્યા હતા. સાથે સંતો સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ તેમજ સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ તેમજ બ્રહ્મચારી શ્રીજયાનંદજી મહારાજ પણ પધાર્યા હતા. પૂર્વના પૂણ્ય ઉદય થાય ત્યારે સંતોના દર્શન થાય છે. પીપળીયાધામ એટલે આપણા સહુના હૃદય સમ્રાટ સદ્‌ગુરૂ ભગવાનનું જન્મસ્થળ અખંડ જીવન જ્યોતમાં પ્રગટ રૂપે બીરાજતા સદ્‌ગુરૂના દર્શન કરવાથી સર્વ મનોકામના પૂર્ણ થાય છે. આ પદયાત્રાનું આયોજન વિ.ડી. પટેલ સાચપરા અધેવાડા વાળા તરફથી થયુ હતુ. દર મહિનાની સુદ અગિયારસના પવિત્ર દિવસે દર્શન કરવા મોટી સંખ્યામાં યાત્રીઓ આવે છે ને તેને ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ થાય છે.

## ''શ્રી માધવ પદયાત્રા'' આકરૂધામ - સુરત થી આકરૂધામ


પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની અનંત કૃપાથી તેમજ પરમપૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેસ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના આશીર્વાદ તેમજ તેમની પ્રેરણાથી આકરૂધામની પદયાત્રા ચમારડી ગામના તેમજ અન્ય ગામના પંદર ભાઈ-બહેનોએ કરી હતી. તે દરમ્યાન માધવપીઠાધીશ્વર પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી દર્શન દેવા પધાર્યા હતા. તેઓ સુરતથી આકરૂધામ નવ દિવસમાં પહોંચી ગયા હતા. સદ્‌ગુરૂ ભગવાન પર કેટલી શ્રદ્ધા છે ને કેટલો ભાવ છે તે બતાવે છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વામી માધવાનંદજી મહારાજશ્રીની સમાધી સ્થળ છે. તેમજ હાલના વર્તમાન માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની જન્મ ભૂમિ છે. દર્શન કરવાથી મનોકામના પૂર્ણ થાય છે.

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ માગશર વદ સાતમને શનિવાર તા. ૯-૧૨-'૧૭ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીની સમાધિના સાનિધ્યમાં ઓજરાળા ગામે ધામધૂમથી ઉજવાશે.

- તા. ૧૦-૧૨-૨૦૧૭ ચાણોદ પધારશે.
- તા. ૧૭-૧૨-૨૦૧૭ રવિવારના રોજ ચાણોદ મફત નેત્રયજ્ઞ , દંતયજ્ઞ તથા બાળ વિકલાંગ અંગ સુધારણા અંગેનો નિઃશુલ્ક નિદાન કેમ્પ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાશે.
- તા. ૧૮-૧૨-૨૦૧૭ પછી પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીના દર્શને જતા પહેલાં ફોન કરીને જવું. મો. ૯૮૭૯૮ ૨૫૭૫૭



## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (પીઠાઈ ) ૪૫૦

- **કથા પ્રારંભ :** પોષ સુદ-ત્રીજ, ગુરુવાર તા. ૨૧-૧૨-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** પોષ સુદ-સાતમ ને સોમવાર તા. ૨૫-૧૨-૨૦૧૭.
- **કથા પૂર્ણાહૂતિ :** પોષ સુદ- નોમ ને બુધવાર તા. ૨૭-૧૨-૨૦૧૭
- **કથા સ્થળ :** લાલજી નગર, મુ.પીઠાઈ, તા. કઠલાલ, જિ. ખેડા.
- **આયોજક :** શ્રી જગદીશભાઈ પી. ડાભી - મો. ૯૬૮૭૩૯૧૮૫૩

શ્રી રામભાઈ ડાભી, શ્રી ભગાભાઈ ભવાનભાઈ ડાભી, શ્રી મનુભાઈ રામસંગભાઈ સોડા

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩–૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

વેબસાઈટ : www.omshreemadhavanandji.org GET IT ON Google play Download on the App Store
















પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી વેદાંતાચાર્યની પ્રેરણાથી કારતક સુદ-૧૧ ને મંગળવાર તા. ૩૧-૧૦-૨૦૧૭ ના શુભ દિને ભાવનગરથી પીપળીયા ધામમાં અખંડ જીવન જ્યોતમાં બિરાજતા સદ્‌ગુરૂ ભગવાનના દર્શને સંતો તેમજ ભક્તો સાથે આવેલ પદયાત્રા

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




તા. ૩૦-૦૯-૧૭ થી તા. ૦૧-૧૦-૧૭ સુધી સુરત શહેરના આંગણે મોટા વરાછા મુકામે આદિત્ય સો.માં શ્રી ૧૦૦૮ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના મુખેથી વેદાંત સત્સંગનું રસપાન કરતા ભાવિક ભક્તો

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-